<u>આંક–૧ લગત હુકમ.</u>

ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધી. હાલની ફરીયાદ **૨૦૧૪** નાં વર્ષમાં દાખલ થયેલ છે. સદર કામે અદાલત દ્રારા આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ પરંતુ રેકર્ડ જોવામાં આવે તો ફરીયાદપક્ષ દ્રારા સમન્સની કે કેસની કાર્યવાહી આગળ ચલાવવા કોઈ જ દરકાર લીધેલ નથી કે કોઈ જ કાર્યવાહી કરેલી નથી.

સદર કામ અત્રેની અદાલતમાં નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબનાં હુકમ અનુસાર રીવોક થઈને આવેલ છે. ત્યારબાદ કામ ફરીથી પ્રોસેસની બજવણી અર્થે રાખવામાં આવેલ પરંતુ રેકર્ડ જોવામાં આવે તો ફરીયાદી કે તેમનાં વિ.વ.શ્રી અદાલત સમક્ષ હાજર રહેલા નથી કે કેસની કાર્યવાહી માટે કોઈ જ રજુઆત કરેલી નથી કે પ્રોસેસની બજવણી / સરનામું રજુ કરવાની કોઈ જ કાર્યવાહી કરેલી નથી. ત્યારબાદથી આજદિન સુધી હાલની ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવવા ફરીયાદપક્ષે કોઈપણ નોંધપાત્ર તજવીજ હાથ ધરેલ નથી અને હાલની ફરીયાદ ઘણા લાંબા સમયથી અત્રેની અદાલત સમક્ષ અન એટેન્ડેડ પડતર પડી રહેલ છે અને આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાનાં કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.

આમ, સદર કામે **ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તારીખ ૧૮/૦૧/૨૦૧૦** ના ચુકાદામાં નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નીષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે.

આ કામે પણ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરીયાદ દાખલ કર્યા બાદ આગળની યોગ્ય ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવા સબંધે કોઈ જ નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી કે જેના કારણે ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવીને તેનો ન્યાયી નિર્ણય અદાલત કરી શકે તેમ નથી. તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

<u>:: આ ખ રી  હુ ક મ ::</u>

ફરીયાદીની ફરીયાદ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તારીખ ૦૯.૦૩.૨૦૧૯ નાં રોજનાં ડિસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી, રાજકોટનાં પત્ર ક્રમાંક નંબર ૪૧/૨૦૧૯, તારીખ ૦૫.૦૨.૨૦૧૯ નાં હુકમ અનુસાર સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

રાજકોટ
તા.૯/૩/૨૦૧૯

(**આર. બી. ગઢવી**)
૧૧માં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ
રાજકોટ
**(UIC-GJ-01067)**